## ક્રિમીનલ કેસ નં. ૭૧૯૧૬/૨૦૨૨

### –:: ફોજદારી કેસ નં. ૭૧૯૧૬/૨૦૨૨ ના કામે આંક–૧ લગત હુકમ ::–

(૧) હાલના કેસમાં આરોપી વિરુધ્ધ ઈ.પી.કો કલમ ૨૮૩ મુજબના શીક્ષાપાત્ર ગુના અંગેનુ ચાર્જશીટ કોર્ટમાં દાખલ થયેલ છે

(૨) સદર કેસનુ રેકર્ડ જોતાં કેસ ઘણો જુનો છે. આ કેસમાં આરોપીને હાજર રખાવવા ઘણા લાંબા સયમથી આરોપી સામે અવારનવાર સમન્સ/વોરન્ટ કોર્ટ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે. આરોપી સામે નિયમીત સમન્સ/વોરન્ટ ઈસ્યુ થયેલ હોવા છતાં ફરીયાદ પક્ષ આરોપીને હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ હોવાનુ રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. આરોપીના જામીનદાર પણ મળી આવતા નથી. સદર કેસમાં ગુનાનો પ્રકાર જોતાં હાલનો ગુનો સમરી / સમન્સ ટ્રાયેબલ ગુનો છે અને કેસ પણ ઘણો જુનો છે. અદાલત દ્રારા આરોપીને હાજર રખાવવા ફરીયાદ પક્ષને વ્યાજબી અને પુરતી કહી શકાય તેટલી તકો આપવામાં આવેલ છે.આમ છતાં ફરિયાદ પક્ષ આરોપીને હાજર રાખી શકેલ નથી. સદર કેસનો પ્રકાર તેમજ કેસ પરની હકીકતો કેસનું રેકર્ડ રોજકામ ધ્યાન સમક્ષ રાખતાં આ સાથે ક્રીમીનલ પ્રોસીજર કોડ માં કરવામાં આવેલી ધારાકીય જોગવાઈ કલમ – ૨૫૮ ધ્યાન સમક્ષ રાખતાં સદર કેસ આ કલમમાં પડતો કેસ જણાઈ આવેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટે AIR 2012 SC 3217 Rajan Dwivedi Versus C.B.I., Through The Director General with Ac. Sudevananda Avdhuta Versus C.B.I., Through The Director General ના ચુકાદામાં ઠરાવેલ છે કે ક્રીમીનલ કોર્ટોએ ઉચિત કેસોમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ – ૨૫૮,૩૦૯,૩૧૧ ના પાવર્સ ન્યાયના હીતમાં વાપરવા જોઈએ , જેમાં નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે. કે , The criminal court should exercise their avalible powers, such as those under Section 309,311 and 258 of the Code of Criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial Judge can prove to be a batter protector of such right than any guidelines. In appropriate cases , jurisdiction of High Court under Section 482 CrPC and article 226 and 227 of the Contitution can be invoked seeking appropriate relief or suitable directions.

૨. આ ઉપરાંત નામદાર બોમ્બે હાઈકોર્ટે Mulchand Motilal Raka v The State of Maharashtra

& Anr. 1996(2) Crime 177 ( Bom ) ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે , Section 258 of the Code which empowers to stop the proceeding in certain cases is intended to meet with certain situations, where the presence of accused presons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate dose not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reson or other as herein above stated , in such situation it would be open to the Magistate to stop further proceedings of the case. Section 258 of the Code can be resorted to where the special or unusual circumstances exist, such as non - appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindreance, in the normal manner, as per procedure under the Code, the provisions of section 258 of Code can be resorted to. "

(૩) આમ, હાલના કેસનુ રેકર્ડ જોતાં હાલનો કેસ ઘણો જુનો હોઈ તેમજ નામદાર સુપ્રીમકોર્ટે અને નામદાર બોમ્બે હાઈકોર્ટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલનો ગુનો સમન્સ ટ્રાયેબલ હોઈ તેમજ આરોપીને અવારનવાર નિયમીત રીતે સમન્સ/વોરન્ટ ઈસ્યુ કરતા આરોપીને સમન્સ/વોરન્ટની બજવણી થતી નથી. આરોપીને અવારનવાર પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે છતા ફરીયાદ પક્ષ આરોપીને હાજર રખાવી શકતા નથી અને કેસની કાર્યવાહી આગળ થઈ શકતી નથી તેમજ કોર્ટના કિંમતી સમયનો બગાડ થાય છે અને આ પ્રકારના ડેડલોક કેસોનુ ભારણ કોર્ટમાં વધતુ જાય છે તેવા સંજોગોમાં હાલનો કેસ આગળ ચલાવવાનુ ઈષ્ટ જણાતુ નથી તેમજ કાયદાની ઉપરોકત પરિસ્થિતીના પ્રકાશમાં આ કેસના સંજોગો જોતાં પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ હોઈ અને તેથી હવે પોલીસ તંત્રને આ સંજોગોમાં વધુ સમય આપવો ઉચિત જણાતુ નથી આ સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ હેઠળ મળેલ સત્તાની રૂઈએ આ કેસના પ્રોસીડીંગ્સ

સ્ટોપ કરવાનો આદેશ કરવામાં આવે છે અને આ કામના **આરોપી** ને તેની સામેના ઈ.પી.કો કલમ ૨૮૩ મુજબના મુજબના શીક્ષાપાત્ર ગુનામાંથી **બીનતહોમત** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા માં આવે છે.

(૨) આરોપીના જામીન ખત તથા જાત મુચરકા રદ કરવામાં આવે છે.

(૩) સદર કેસમાં જો કોઈ મુદ્દામાલ હોય તો તે મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો / કિંમતી મુદ્દામાલ સરકાર ખાતે જમા કરવો.

હુકમ આજ રોજ તારીખ−૧૩ માહે: ઓગષ્ટ, સને−૨૦૨૨ ના રોજ લોક અદાલતના સ્પે. સીટીંગ મા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૩/૦૮/૨૦૨૨

( મનીષ.વી. ચૌહાણ )
જીજે૦૧૦૧૫
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૧૧, અમદાવાદ